/

<u>રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા</u>
<u>કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે</u>
<u>"મુખ્યમંત્રી અમૃતમ" (મા) યોજના</u>

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ /૧૦૨૦૧૨/૪૭૧/બ૧
સચિવાલય ગાંધીનગર
તા. ૧૮/૪/૨૦૧૨

<u>વંચાણે લીધાઃ-</u>

કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગર ની એસ એફ એસ ફાઇલ ક્રમાંકઃ
આરબી વાય /૧૧૨૦૧૧/૭૭૪૯૦૭

<u>આમુખઃ-</u>

સામાન્ય રીતે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો, રહેઠાણ અને ખોરાકની પુરતી સુવિધાઓથી વંચિત રહેતા હોય છે. જેને પરિણામે વારંવાર બિમારીઓમાં સપડાયા કરે છે આવા સમયે સામાન્ય બિમારીમાંતો સરકારી હોસ્પિટલ ખાતેથી તેઓને સારવાર સુવિધા મળે રહે છે પરંતુ જયારે તેઓ અતિ ગંભીર તેમજ ઘાતક બિમારીનો ભોગ બને છે ત્યારે તેઓ આવી બિમારીઓમાં તબીબી સારવાર પાછળ પોતાની આવકનો મોટોભાગ ખર્ચતા હોય છે. ખાસ કરીને અતિ ગંભીર બિમારીઓ જેવી કે હૃદય, મગજ અને કીડનીની ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઇજાઓ તેમજ નવજાત શીશુઓના અતિ ગંભીર રોગોની સારવાર લેવાની જરૂર પડે ત્યારે બી.પી.એલ. લાભાર્થીઓને ઓચિંતાનું ખર્ચ કરવાની જરુરીયાત પડતી હોય છે. અને તેવા સંજોગોમાં પોતાના ઘરેણા,જમીન વગેરે વેચી/ ગીરવી મુકી કે દેવું કરીને જરૂરીયાત મુજબની સારવાર લેવાની ફરજ પડતી હોય છે. જેના કારણે તેઓ ગરીબી રેખા ઉપર આવી શકતા નથી. આમ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને જયારે ગંભીર બિમારી માટે સારવાર લેવાની જરૂર પડે છે ત્યારે ખર્ચ વધુ થાય છે અને આ ખર્ચના પરિણામે તેઓ ગરીબીના વિષચક્રમાંથી બહાર આવી શકતા નથી આવા સંજોગોમાં તેઓને મફત તબીબી સારવાર મળી રહે તે ખુબ જ જરૂરી છે.આ બાબત ધ્યાને લઇ ગરીબી રેખા હેઠળ જીવતા વ્યક્તિઓને અતિગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે અને રાજયના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

આથી પુખ્ત વિચારણાને અંતે રાજ્યનાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે અતિગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે માટે

સમગ્ર રાજયમાં "મુખ્યમંત્રી અમૃતમ" (મા) નામની યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

## ૧. યોજનાની રૂપરેખાઃ-

૧.૧ આ યોજના હેઠળ હદય, મગજ અને કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ·ગંભીર ઇજાઓ તેમજ નવજાત શિશુઓના અતિગંભીર રોગો· જેવી અતિ ગંભીર બિમારીઓ માટે કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેશ સારવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૧.૨ આ યોજનાનો લાભ રાજયનાં તમામ ૨૬ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને આપવાનો રહેશે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ પાંચ વ્યક્તિ સુધી) ને લાભ આપવાનો રહેશે.

૧.3 આ યોજના હેઠળ (૧) કાર્ડીઓવાસ્કુલર સર્જરી, (૨) ન્યુરો સર્જરી,(૩) બર્ન્સ, (૪) જીવલેણ ઇજાઓ,(૫) કેન્સર, (૬) કિડની ને લગતા ઘાતક રોગો અને, (૭) નવજાત શિશુઓને લગતી અતિગંભીર બિમારીઓ વગેરે માટે સારવાર પેકેજીસ નિયત કરી, નિયત કરેલ પેકેજીસ માટે સારવાર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

## ૨. લાભાર્થીઃ-

૨.૧ આ યોજના રાજયના તમામ જીલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તાર (નગર પાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઇડ એરીયા) પંચાયત, ગ્રામગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ નોંધાયેલા ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ ૫ વ્યકિત સુધી) ને લાગુ પાડવામાં આવે છે.

૨.૨ આ યોજનાનો લાભ લેવા માટે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોએ નોંધણી/ સ્માર્ટ કાર્ડ કઢાવવુ ફરજીયાત રહેશે. જે બાદ જ તેઓને આ યોજનાનો લાભ પ્રાપ્ત થશે.

૨.3 કુટુંબની વ્યાખ્યામાં ( કુટુંબના વડા,પત્ની અને ત્રણ આશ્રિતો) ને ગણવાના રહેશે.

## 3. અમલીકરણઃ-

૩.૧ આ યોજનાનું અમલીકરણ સરકાર ઠરાવે તે સરકાર નિયંત્રિત વિભાગ /એજન્સી, કોર્પોરેશન અથવા અન્ય સંસ્થા (ટ્રસ્ટ / સોસાયટી) ધ્વારા કરવાનું રહેશે.

૩.૨ આ યોજના હેઠળ હદય, મગજ અને કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઇજાઓ તેમજ નવજાત શિશુઓના અતિગંભીર રોગો જેવી ગંભીર બિમારીઓ માટે નિયત થયેલ સારવાર પેકેજીસ અનુસાર યોજના હેઠળ કરારબધ્ધ થયેલ હોસ્પિટલને સીધુ ચુકવણુ કરવાનું રહેશે.

૩.૩ આ યોજનાના ક્ષેત્રિય અમલીકરણ હેતુ, અમલીકરણ સહાયક સંસ્થા (ઇમ્પ્લીમેન્ટેશન સપોર્ટ એજન્સી- ISA) નિયુકત કરવાની રહેશે.

૩.૪ અમલીકરણ સહાયક સંસ્થા ના કાર્યો અને ફરજો નિયત કોર્પોરેશન અથવા અન્ય સંસ્થા (ટ્રસ્ટ / સોસાયટી) એ નકકી કરવાના રહેશે.

૩.૫ આ યોજના હેઠળ નિયત ધારાધોરણ અનુસાર સગવડતા ધરાવતી સરકારી/અનુદાન મેળવતી સંસ્થાઓ/ખાનગી હોસ્પિટલોને કરારબધ્ધ કરવાની રહેશે.

૩.૬ આ કરારમાં સરકાર વતી નિયત કરવામાં આવેલ સંસ્થા (કોર્પોરેશન/ટ્રસ્ટ/ સોસાયટી)/ અમલીકરણ સહાયક સંસ્થા પ્રથમ પક્ષકાર તરીકે અને યોજનામાં જોડાનાર હોસ્પિટલ બીજા પક્ષકાર તરીકે રહેશે.

૩.૭ આ યોજના હેઠળ નિયત કરેલ રોગો નોંધણી સમયે હયાત હોય તેવા કિસ્સામાં પણ લાભાર્થીની નોંધણી થયા બાદ સારવારનો લાભ મળી શકશે.

૩.૮ આ યોજના હેઠળ લાભાર્થીને હોસ્પિટલમાં દાખલ થયા દિવસથી રજા આપ્યા દિવસ બાદ ૧૦ દિવસ સુધીની સારવારનો ખર્ચ નિયત પેકેજીસ અનુસાર મળવાપાત્ર રહેશે.

૩.૯ યોજનાની બહોળી પ્રસિધ્ધ માટે પ્રચાર-પ્રસારની કામગીરી જેવી કે મેગા કેમ્પ, કેમ્પ, ટોલ ફ્રી નંબર આયોજન તથા બહોળી પ્રસિધ્ધી માટે જાહેરાત, પેમ્ફલેટ, પોસ્ટર, હોર્ડીંગ્સ, વગેરેથી પ્રચાર-પ્રસારની કામગીરી કરવાની રહેશે.

<u>૪. ફરીયાદ નિવારણઃ-</u>

૪.૧ આ યોજના હેઠળ ફરીયાદ નિવારણ હેતુ **રાજય કક્ષાએ તેમજ જીલ્લા કક્ષાએ રાજય ફરીયાદ નિવારણ સમિતિ અને જીલ્લા ફરીયાદ નિવારણ સમિતિની રચના કરવાની રહેશે.**

૫. આ યોજના ના સુચારૂ અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શક સુચનાઓ અને અમલીકરણ માર્ગદર્શિકા વખતો વખત બહાર પાડવાની રહેશે.

આ અંગેનો ખર્ચ બજેટના સદર

<u>જનરલ હેઠળ</u>

માંગણી ક્રમાંકઃ૪૦

મુખ્યસદર-૨૨૧૧-પરિવાર કલ્યાણ

પેટા મુખ્ય સદર-૦૦-

ગૌણ સદર-૧૦૩-પ્રસુતિ અને બાળ આરોગ્ય

પેટા સદર (૦૬) આરોગ્ય સુરક્ષા યોજના (આયોજન) તથા

**<u>ટીએએસપી હેઠળ</u>**

માંગણી ક્રમાંકઃ૯૬

મુખ્યસદર:૨૨૧૧ પરિવાર કલ્યાણ

પેટા મુખ્યસદરઃ૦૦

ગૌણસદરઃ૭૯૬ આદિજાતિ વિસ્તારપેટા યોજના

પેટાસદર (૦૫) આરોગ્ય સુરક્ષા યોજના (આયોજન) તથા

**<u>એસસીએસપી હેઠળ</u>**

માંગણી ક્રમાંકઃ૯૫

મુખ્યસદર-૨૨૧૧ પરિવાર કલ્યાણ

પેટા મુખ્યસદરઃ૦૦

ગૌણસદરઃ૧૦૩ પ્રસુતિ અને બાળ આરોગ્ય

પેટાસદરઃ (૦૪) આરોગ્ય સુરક્ષા યોજના (આયોજન)

હેઠળ ઉધારવાનો રહેશે અને વર્ષ-૨૦૧૨-૧૩ ના નાણાંકિય વર્ષ માટે કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨-૩-૨૦૧૨ ની મળેલ નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.એલ.પટેલ)

ઉપ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

-માન, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

-માન,મંત્રીશ્રી(આરોગ્ય) ના અગંત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

-માન,રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય) ના અગંત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

-તમામ મંત્રીશ્રીઓના અગંત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.

-સચિવાલયના સર્વે વિભાગો

-કમિશ્નરશ્રી, (આરોગ્ય) કમિશ્નરશ્રી,આરોગ્ય તબીબીસેવાઓ અનેતબીબી શિક્ષણની કચેરી ૫, , ડો,જીવરાજમહેતા ભવન,ગાંધીનગર

-અધિક નિયામકશ્રી(પ.ક.) કમિશ્નરશ્રી, (આરોગ્ય)ની કચેરી,૫,ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

-અધિક નિયામકશ્રી (આરોગ્ય) કમિશ્નરશ્રી, (આરોગ્ય)ની કચેરી,૫,ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-અધિક નિયામકશ્રી (તબીબી) કમિશ્નરશ્રી, (આરોગ્ય)ની કચેરી,૫,ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-અધિક નિયામકશ્રી (તબીબી શિક્ષણ ) કમિશ્નરશ્રી, (આરોગ્ય)ની કચેરી,૪,ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-નિયામકશ્રી ભારતીય તબીબી,અને હોમિયોપેથી ,પધ્ધતિ, ૧,ડો, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-નિયામકશ્રી તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના,ઈન્કમટેક્ષ ઓફીસ સામે આશ્રમ રોડ અમદાવાદ.

-નાણાંસલાહકારશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય ગાંધીનગર

-નાણા વિભાગ-બજેટ શાખા, સચિવાલય ગાંધીનગર

-આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત/નાયબ/ઉપસચિવશ્રીઓ

-એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ

-પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર

-સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ.

-જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)

-જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)

-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)

-જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)

-આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ

-સેકશન અધિકારીશ્રી મ-શાખા, આરોગ્ય અને પ. ક. વિભાગ,સચિવાલય ગાંધીનગર

-સિલેક્ટ ફાઈલ